# રેપોરેટ યથાવત્ ૮ ટકા રાખવાનો નિર્ણય

મુંબઈ, તા.૧૭

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તેની મધ્ય સત્ર નાણાંકીય નીતિ સમીક્ષાની જાહેરાત કરી હતી. આરબીઆઈએ બેન્કરો અને શેરબજાર સાથે સંકળાયેલા નિષ્ણાંતોની માંગ તરફ ધ્યાન નહીં આપીને રેટને યથાવત્ રાખવાનો નિર્ણય કર્યો હતો પરંતુ કેસ રિઝર્વ રેસિયો (સીઆરઆર)માં ૨૫ બેજિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ સીઆરઆર ૪.૫ ટકા થઈ ગયો છે. ઘટાડવામાં આવેલો સીઆરઆર ૨૨મી સપ્ટેમ્બરથી અમલી બનશે. સીઆરઆર અગાઉ ૪.૭૫ ટકા હતો. રેપોરેટ ૮ ટકા અને રિવર્સ રેપોરેટ ૭ ટકાના દરે યથાવત્ રાખવાનો નિર્ણય કરાયો છે. ફુગાવાના આધાર ઉફર નાણાંકીય નીતિ જાહેર કરવામાં આવી છે. લિક્વિડીટીમાં ૧૭,૦૦૦ કરોડ રૂપિયા છૂટા કરવાના હેતુસર આ નિર્ણય લેવાયો છે. ધારણા મુજબ જ આરબીઆઈએ ફુગાવાને અંકુશમાં લેવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કર્યું છે. માંગના દબાણને ધ્યાનમાં લેવા મોટાભાગે સીઆરઆરમાં કાપ મૂકવામાં આવે છે. આરબીઆઈએ તેની નાણાંકીય નીતિ સમીક્ષાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને નિર્ણય લેવામાં આવ્યો છે. રેપોરેટને યથાવત્



રાખવાનો નિર્ણય કર્યો છે. આવી જ રીતે રિવર્સ રેપોરેટ પણ યથાવત્ રાખવાનો નિર્ણય કરાયો છે.

છેલ્લા ઘણા દિવસથી એમ માનવામાં આવી રહ્યું હતું કે વ્યાજદરમાં ઘટાડો થશે પરંતુ રેટને યથાવત્ રાખવાનો નિર્ણય કરાયો છે. જો કે સીઆરઆરમાં ધારણા પ્રમાણે ઓછો ઘટાડો કરાયો છે. આરબીઆઈના નિર્ણય અંગે પીએમઈએસીના વડા રંગરાજને કહ્યું છે કે આરબીઆઈએ ફુગાવાના કારણે સાવધાનીપૂર્વકનું વલણ અપનાવ્યું છે. વર્ષ ૨૦૧૩ના બીજા ત્રિમાસિક ગાળાને આર્થિક પ્રવૃત્તિને ઝડપી બનાવવા આ નિર્ણય કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૮માં ક્રેડિટ કટોકટી શરૂ થયા બાદ આરબીઆઈએ ઓક્ટોબર ૨૦૧૦થી રેટમાં વધારો ઝીંકવાનો સીલસીલો શરૂ કર્યો હતો જે ડિસેમ્બર ૨૦૧૧ સુધી ચાલ્યો હતો. આરબીઆઈએ રેપો રેટમાં ૪.૨૫ ટકા સુધીનો જંગી વધારો કરીને રેટને ૮.૫૦ ટકા સુધી કરી દીધો હતો. સતત ૧૩ વખત વ્યાજદરમાં વધારો કરાયો હતો. જોકે આરબીઆઈએ આ વર્ષે જાન્યુઆરી મહિનામાં સીઆરઆરમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો જ્યારે માર્ચ મહિનામાં સિસ્ટમમાં લિક્વિડીટી ઠાલવવા વધુ ૦.૭૫ ટકાનો ઘટાડો કર્યો હતો. એપ્રિલ મહિનામાં બેંકે રેપો રેટમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો.

ઓગસ્ટમાં ફુગાવો વધીને ૭.૫૫ ટકા થઈ ગયો છે. વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકારે છેલ્લાં થોડા દિવસોમાં ઘણાં સાહસી પગલાં લીધા છે જેમાં ઝડપી આર્થિક સુધારાઓનો સમાવેશ થાય છે. યુપીએ સરકારના પગલાંના કારણે આરબીઆઈ પણ હવે અર્થતંત્રને ઝડપી બનાવવા પગલાં લઈ રહી છે.

# સબસિડીવાળા સિલિન્ડરની સંખ્યા વધારી ૧૦ કરવા વિચારણા

નવી દિલ્હી,તા. ૧૭

ડીઝલની કિંમતમાં કમરતોડ ભાવ વધારો અને સાથે સાથે સબાસિડીવાળા એલપીજી સિલિન્ડરની સંખ્યા એક વર્ષમાં એક પરિવારને ઘટાડીને છ કરી દેવામાં આવ્યા બાદ આની સામે થઈ રહેલા દેશભરના પ્રચંડ રોષને ધ્યાનમાં લઈને સરકાર હવે હળવુ વલણ અપનાવવા તૈયારી કરી રહી છે. ઉચ્ચસ્તરીય સુત્રોએ કહ્યું છે કે સરકાર સાથી પક્ષો અને વિરોધ પક્ષોના તીવ્ર દબાણ સમક્ષ ઝુંકીને હવે સબસિડીવાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યાને વર્ષમાં છને બદલે વધારીને ૧૦ કરવા વિચારણા કરી રહી છે. એલપીજી સિલિન્ડરની સંખ્યાને વધારવાનાં વિકલ્પ ઉપર સરકાર દ્વારા વિચારણા શરૂ થઈ ચૂકી છે. વર્તમાન છ સિલિન્ડરોથી સબાસિડીવાળા રેટમાં ૧૦ સિલિન્ડર ઉપલબ્ધ કરાવવાને લઈને આંતરિક રીતે નિર્ણય થઈ ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે સત્તાવાર નિર્ણય ટૂંકમાં જ જાહેર કરે તેવી શકયતા છે. સરકારને ટીએમસી અને અન્ય સાથી પક્ષોનાં દબાણ સમક્ષ ઝુકી જઈને આ નિર્ણય લેવાની ફરજ પડે તેમ માનવામાં આવે છે. મમતા બેનર્જી દ્વારા ડીઝલની કિંમતમાં ભાવ વધારાને પરત ખેંચવા સરકાર માટે જે ૭૨ કલાકની મહેતલ આપવામાં આવી છે તે આવતીકાલે પૂરી થઈ રહી છે. બીજીબાજુ ડીઝલની કિંમતમાં ભાવ વધારાનાં વિરોધમાં



૨૦ સપ્ટેમ્બરનાં દિવસે ભાજપનાં નેતૃત્વમાં એનડીએ દ્વારા રાષ્ટ્રવ્યાપી બંધની હાકલ કરવામાં આવી છે. રિટેલમા એફડીઆઈનો વિરોધ પણ થઈ રહ્યો છે. ઉપરાંત ચાર ડાબેરી પક્ષો, સમાજવાદી પાર્ટી, બીજેડી, જેડીએસ પણ ૨૦મી તારીખે અલગ અલગ રીતે હડતાળની હાકલ કરી ચૂક્યા છે. કોંગ્રેસમાં પણ એક વર્ગ એલપીજીમાં મર્યાદા મૂકવાનાં નિર્ણયથી ખૂબજ નારાજ છે અને સરકાર પર દબાણ લાવી રહ્યું છે. રોલબેકની માંગ કોંગ્રેસમાં પણ ઉઠી રહી છે. ગયા ગુરૂવારે સરકારે ડીઝલની કિંમતમાં ૫.૬૨નો વધારો કર્યો હતો.સાથે સાથે એક વર્ષમાં દરેક પરિવારને સબસિડીવાળા ગેસ સિલિન્ડરોની સંખ્યા છ કરી દીધી હતી. વધારાનાં ૨૦૩૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાનાં હેતુસર આ નિર્ણય લેવાયો હતો. મનમોહનસિંહનાં નેતૃત્વમાં રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિએ કઠોર નિર્ણય કર્યા બાદથી દેશભરમાં આનો વિરોધ થઈ રહ્યો છે. એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે, દરેક પરિવારને ૩૯૯ રૂપિયાનાં સબસિડી રેટ પર ૧૪.૨ કિલોગ્રામનાં વાર્ષિક છ ગેસ સિલિન્ડર આપવામાં આવશે. આનાથી વધુ સિલિન્ડર મેળવનારને પ્રતિ સિલિન્ડર ૭૪૬ રૂપિયાનાં માર્કેટ રેટ ઉપર ગેસ સિલિન્ડર ઉપલબ્ધ કરાવાશે. ગેસ સિલિન્ડરોની સંખ્યાને લઈને હાલમાં ભારે હોબાળો થતાં યુપીએ સરકારમાંથી ટેકો પાછી ખેંચી લેવા મમતા બેનર્જીએ ધમકી આપી હતી. સાથે સાથે ૭૨ કલાકની મહેતલ આપી હતી જેનાં પરિણામ સ્વરૂપે યુપીએ સરકાર દ્વારા ગંભીરતાપૂર્વક સિલિન્ડરોની સંખ્યા મર્યાદિત કરવાને લઈને વિકલ્પો ઉપર વિચારણા હાથ ધરાઈ છે.

## સમાચાર ઝલક

- અમેરિકા, પાકિસ્તાન કરતાં ભારતમાં ડીઝલ હજુ ખૂબ સસ્તુ.
- અલકાયદાની ધમકીથી અમેરિકા દરેક રાજ્યમાં એલર્ટ.
- રૂદ્રપ્રયાગમાં વાદળ ફાટવાનો સિલસિલો યથાવત, ગતરાત્રીએ વધુ વાદળ ફાટ્યું, મૃત્યુઆંક ૪૫ થી વધુ.
- નિવૃત્તિ લેવાની હાલમાં કોઇ જ યોજના નથી : વિશ્વનાથન આનંદ.
- દાંતીવાડા ડેમમાં નર્મદાના નીર નાંખવાની કામગીરી પૂરજોશમાં.
- મોડલિંગમાં ભારે લોકપ્રિયતા ધરાવતી અનુષ્કા રંજન બોલીવુડમાં એન્ટ્રી કરવા તૈયાર છે.
- સોલા ભાગવત લૂંટ કેસમાં ક્રાઇમ બ્રાન્ચે પણ તપાસ શરૂ કરી.
- દેશના યુવાનોને માર્ગદર્શનની ખૂબ જરૂર છે : સોમ પિત્રોડા.
- લગ્ન નોંધણીમાં લોકજાગૃતિ આવી, પણ ભ્રષ્ટાચારથી તોબા પોકારતાં નવદંપત્તિ.
- અબુધાભીમાં પાકિસ્તાન-નેપાળનાં શ્રમિકો વચ્ચે અથડામણ, ૧૪૦૦ ગુજરાતીઓ પણ ફસાયા.
- ભારતમાં મળેલ નકલી નોટો પાકિસ્તાનની પ્રેસમાં જ છપાઇ હોવાની આશંકા.
- મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસની ડીઝલના ભાવવધારા સામે હળતાળની ચીમકી.
- નારાજ કેશુબાપાને મનાવવાના પ્રયત્નો હજુ ચાલુ.
- ડો. પ્રવિણ તોગડીયાની તબિયત લથડતાં હોસ્પિટલમાં દાખલ.
- ગ્રામ્ય વિસ્તારોમાં ડાયાબિટીસનો વધતો રોગ ખુબ જ ચિંતાજનક.

## મધ્ય પ્રદેશમાં નદીમાં ડૂબવાથી પાંચનાં મોત

ભોપાલ,તા. ૧૭

મધ્ય પ્રદેશમાં નદીમાં ડુબી જવાથી પાંચ બાળકોનાં મોત થઈ ગયા છે. મળેલી માહિતી મુજબ ભોપાલનાં ગુનગા પોલીસચોકી હેઠળનાં ઈંટખેડી વિસ્તારમાં હલાલી નદીમાં નહાવા માટે પાંચ બાળકો ઉતર્યા હતાં. તમામ બાળકોનાં ડુબી જવાથી મોત થયા છે. ગઈકાલે બપોરે નવ બાળકો રમવા માટે અચારપુરામાં હલાલી નદીના કાંઠે ગયા હતાં. બાળકો રમતા હતાં ત્યારે જ પાંચ બાળકો નદીમાં ઉતર્યા હતાં. એક બાળક ડુબવા લાગતાં ચાર અન્ય બાળકો તેને બચાવવા માટે ઉતર્યા હતાં પરંતુ પાણીના પ્રવાહમાં આ પાંચેય બાળકો ફસાઈ ગયા હતાં અને ડુબી ગયા હતાં. મૃત્યુ પામેલા તમામ બાળકોની ઓળખ કરી લેવામાં આવી છે. બાળકોનાં મૃતદેહ હાથ લાગ્યા નથી. પોલીસે સમગ્ર મામલાની તપાસ હાથ ધરી છે. કેસ દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે. મધ્યપ્રદેશના ભોપાલ નજીક ગુનગા ક્ષેત્રમાં આ બનાવથી સનસનાટી મચી ગઈ છે.

**સ્થિતિમાં સુધાર પણ હાલત કફોડી**

# આસામ : ૨૦૬ રાહત કેમ્પમાં હજુ ૧,૮૭૦૫૨ લોકો રહે છે

ગુવાહાટી, તા.૧૭

બોડો અને લઘુમતી માઈગ્રન્ટ લોકો વચ્ચે તાજેતરમાં જ ભડકેલી સાંપ્રદાયિક હિંસાના કારણે આસામમાં જનજીવન સામાન્ય બની ચૂક્યું છે પરંતુ ૨૦૬ રાહતકેમ્પમાં હજુ પણ ૧૮૭૦૫૨ જેટલા લોકો આસરો લઈ રહ્યા છે. આ લોકો હજુ પણ પોતાના ઘરમાં પરત ફર્યા નથી. આસામના પાંચ જિલ્લાઓમાં ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસાઓને આશરે બે મહિનાનો ગાળો થઈ ચૂક્યો છે પરંતુ રાહતકેમ્પોમાં લાખો લોકો હજુ પણ છે. જે લોકો રાહતકેમ્પોમાં છે જેમાં ૧૭૪ રાહત કેમ્પોમાં ૧૬૮૮૭૫ મુસ્લિમો છે જ્યારે ૨૯ કેમ્પોમાં ૧૭૩૪૪ બોડો સમુદાયના લોકો પણ છે અને ૮૩૩ લોકો ત્રણ કેમ્પોમાં જુદી જુદી સમુદાયના છે. સત્તાવાર સૂત્રોએ આજે આ મુજબની માહિતી આપતા જણાવ્યું હતું કે ઢુબરીમાં ૧૨૯ કેમ્પમાં ૧૦૧૩૭૩ લોકો રહે છે.




જ્યારે કોકરાઝારમાં ૪૩ કેમ્પોમાં ૫૫૭૬૦ લોકો શરણ લઈ ચૂક્યા છે. આવી જ રીતે ૨૨ કેમ્પમાં ચિરાંગમાં ૨૩૬૦૯ લોકો છે. બોન્ગાઈ ગામમાં ૯ કેમ્પમાં ૫૫૫૪ લોકો છે. ૧૨ પેટામાં ત્રણ કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે. અસરગ્રસ્ત લોકોના પુન વસવાટ માટેની પ્રક્રિયા ચાલી રહી છે. હિંસા ચરણસીમા ઉપર હતી દરમિયાન ૩૪૦ રાહતકેમ્પોમાં ૪૮૫૯૨૧ લોકો હતા. ૧૯મી જુલાઈના દિવસે સાંપ્રદાયિક હિંસાની શરૂઆત થઈ હતી. મહિનાઓ સુધી ચાલેલી આ સાંપ્રદાયિક હિંસામાં ૯૬ લોકોના મોત થયા હતા.

# વિકાસને તીવ્ર બનાવવા વધુ પગલા લેવાશે : ચિદમ્બરમ

નવી દિલ્હી,તા. ૧૭

નાણાં પ્રધાન પી. ચિદમ્બરમે આજે કહ્યું હતું કે વિકાસને ઝડપી બનાવવા અને અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવાના હેતુથી સરકાર આગામી એક દોઢ મહિનામાં વધુ પોલીસી પગલા લેશે.

સીઆરઆરમાં૦.૨૫ ટકાનો ઘટાડો કરીનો બેંકિગ ફંડના ૧૭૦૦૦કરોડ રૂપિયા છુટા કરવાની આરબીઆઈના પગલાનું નાણાં પ્રધાને સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આરબીઆઈની નાણાંકીય નિતી સમીક્ષા બાદ તેમની પ્રતિક્રિયામાં ચિદમ્બરમે કહ્યું હતું કે ૩૦મી ઓકટોબર સુધીના ગાળામાં શ્રેણીબદ્ધ વધારાના પોલીસી પગલા લેવામાં આવશે. પોલીસી પગલાનો મુખ્ય હેતુ અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટેનો છે. તેમણે કહ્યું હતું કે નાણાંકીય સ્થિતીને વધુ મજબુત બનાવવા માટે અનેક પગલા લેવામાં આવી ચુક્યા છે. વધુ પગલા લેવાની હિલચાલ ચાલી રહી છે.



રીઝર્વ બેંક ૩૦મી ઓક્ટોબરના દિવસે તેની બીજી ત્રિમાસિક નાણાંકીય નીતી સમીક્ષા જારી કરશે. ચિદમ્બરમે કહ્યું હતું કે સીઆરઆરમાં કાપ નાનકડુ પગલુ છે. પરંતુ આ પગલુ સ્વાગતરૂપ છે. આરબીઆઈની નીતિથી તેઓ હતાશ થયા નથી. આરબીઆઈ આગામી દિવસોમાં પણ વધુ રચનાત્મક પગલા લેશે. નાણા મંત્રાલયનો હવાલો ગયા મહિનામાં ફરી સંભાળી લીધા બાદ નાણાં પ્રધાને કહ્યું હતું કે અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા અને મુડીરોકાણકારોના આત્મવિશ્વાસને વધારવા માટે પગલા લેવામાં આવશે. વર્ષ ૨૦૧૧-૧૨માં આર્થિક વિકાસ દર ઘટીને ૬.૫ ટકા થયો છે. જે નવ વર્ષની સૌથી નીચી સપાટીએ છે. એપ્રિલ-જુનના ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથ રેટ ૫.૫ ટકા હતો જે છેલ્લા નાણાંકીય વર્ષના આ જ ગાળામાં આઠ ટકા હતો. સરકાર પહેલાથી જ મલ્ટી બ્રાન્ડ રીટેઈલમાં એફડીઆઈને મંજૂરી આપીને શ્રેણીબદ્ધ પગલા લઈ ચુકી છે. ઉપરાંત સરકારે ડીઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા પાંચનો વધારો કર્યો છે. એક વર્ષમાં એક પરિવારને સબસિડીવાળા સિલિન્ડરોની સંખ્યાને મર્યાદિત કરીને છ કરવાનો કઠોર નિર્ણય કરવામાં આવ્યો છે. ચિદમ્બરમે કહ્યું હતું કે સરકાર યોગ્ય દિશામાં યોગ્ય પગલા લઈ રહી છે.

**પુણેમાં બીપીઓ કર્મીની હત્યા કરાઈ હતી**

# રેપ કમ મર્ડર કેસમાં દોષિતોની મૃત્યુદંડની સજા યથાવત્ રહી

**બળાત્કાર અને હત્યાનાં આ મામલાથી સમાજ ઉપર ખૂબ માઠી અસર થઈ હતી : અપરાધીઓ પ્રત્યે દયા અયોગ્ય**

મુંબઈ,તા. ૧૭

પુણે બીપીઓ રેપ-હત્યા કેસના મામલામાં બે અપરાધીઓને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને મુંબઈ હાઈકોર્ટે આજે યોગ્ય ઠેરવી હતી.

મુંબઈ હાઈકોર્ટે સજાને યોગ્ય ઠેરવતાં કહ્યું હતું કે,પુણેમાં ૨૨ વર્ષની નિર્દોષ બીપીઓ કર્મચારી પર બળાત્કાર અને ત્યારબાદ તેની ઘાતકી હત્યાની સમાજ ઉપર ખૂબજ માઠી અસર થઈ છે.

આ ખૂબજ ધૃણાસ્પદ કૃત્ય છે અને આમાં કોઈપણ દયા રાખી શકાય તેમ નથી. જસ્ટીસ વી.એમ.કનાડે અને જસ્ટીસ પી.ડી.કોડેની બનેલી ડિવિઝન બેંકે બે આરોપી પુરૂષોત્તમ બોરાટે અને પ્રદીપ કોકાડેને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને યોગ્ય ઠેરવી હતી. પહેલી નવેમ્બર ૨૦૦૭નાં દિવસે પુણેમાં વિપ્રોમાં કામ કરતી કર્મચારીનું અપહરણ કરવામાં આવ્યા બાદ તેનાં પર બળાત્કાર ગુજારાયો હતો અને તેની હત્યા કરી દેવામાં આવી હતી. જસ્ટીસ કનાડેએ કહ્યું હતું કે, સેશન કોર્ટ દ્વારા બંનેને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને અમે સમર્થન આપીએ છીએ. જે રીતે આ ગુનો આચરવામાં આવ્યો હતો તેની સમાજ ઉપર ખૂબજ માઠી અસર થઈ હતી. કોઈપણ મહિલા બીપીઓમાં નોકરી કરતાં બે વખત વિચારશે તે પ્રકારનો આ ગુનો હતો. ચુકાદો જાહેર કરાયા બાદ બંને આરોપીઓ કોર્ટ રૂમમાં ભાંગી પડ્યા હતાં. પ્રોસીક્યુશન મુજબ ભોગ બનેલી મહિલા નાઈટ શીફ્ટમાં કામ કરનાર કંપની દ્વારા રોકવામાં આવેલી ગાડીમાં બેસતી હતી. કૈબ ડ્રાઈવરની સાથે એક મિત્ર પણ હતો. આ લોકોએ રૂટ બદલ્યો હતો અને ભોગ બનેલી યુવતીને ગુપ્ત જગ્યાએ લઈ જઈ તેનાં પર બળાત્કાર ગુજારાયો હતો. યુવતીના દુપટ્ટાનો ઉપયોગ કરી તેને મોતને ઘાટી ઉતારી દેવાઈ હતી. ઓળખ છુપાવવા માટે તેનાં ચહેરા પર અનેક ઈજાઓ પહોંચાડી હતી. આગલા દિવસે તેનો મૃતદેહ મળ્યો હતો જેની તપાસ કરાતાં બેની ધરપકડ કરાઈ હતી. મૃત્યુદંડની સજા આ કેસમાં બિલકુલ વાજબી છે અને અસામાન્ય કેસ છે. કોર્ટે પ્રોસીક્યુશન અને ડિફેન્સની દલીલો વિસ્તારપૂર્વક સાંભળી હતી અને આરોપીઓ પ્રત્યે દયા રાખી શકાય નહીં.

# આરૂષિ હત્યા કેસમાં નુપુરને સુપ્રિમ કોર્ટે આપેલાં જામીન

નવીદિલ્હી,તા. ૧૭

સનસનાટીપૂર્ણ આરૂષિ-હેમરાજ ડબલ મર્ડર કેસમાં નુપુર તલવારને આજે મોટી રાહત મળી ગઈ હતી કારણ કે સુપ્રિમ કોર્ટે ડબલ મર્ડર કેસના સંબંધમાં નુપુર તલવારને જામીન આપી દીધાં હતાં. સુપ્રિમ કોર્ટે ૨૫ સપ્ટેમ્બરે જામીન ઉપર નુપુર તલવારને છોડી મૂકવા ગાઝિયાબાદ ટ્રાયલ કોર્ટને આદેશ કર્યો હતો. સુપ્રિમે ત્યાં સુધીમાં તમામ પ્રોસીક્યુશન સાક્ષીઓની ચકાસણી કરી લેવા સીબીઆઈને પણ આદેશ કર્યો હતો. જસ્ટીસ એ.કે.પટનાયક અને જસ્ટીસ જે.એસ.ખેહરની બનેલી સુપ્રિમની બેંચે કહ્યું હતું કે, ટ્રાયલ કોર્ટે તેનાં પોતાના સંતોષના આધાર ઉપર જામીન ઉપર નુપુર તલવારને મુક્ત કરવા જોઈએ. આ આદેશની જાહેરાત કરતાં જસ્ટીસ પટનાયકે કહ્યું હતું કે, અમે ટ્રાયલ કોર્ટને આદેશ આપી રહ્યા છે. સાથે સાથે આ કેસમાં સાક્ષીઓ વિમલા સરકાર અને ચંદ્રભુષણ અથવા તો અન્ય કોઈપણ સાક્ષીઓની ચકાસણી પૂરી કરવા એક સપ્તાહનો સમય સીબીઆઈને આપવામાં આવ્યો છે. નુપુર તલવાર ડબલ મર્ડર કેસમાં સહઆરોપી છે. તેમનાં પતિ ડેન્ટીસ્ટ રાજેશ તલવાર સહઆરોપી છે જે ૩૦ એપ્રિલ બાદથી ગાઝિયાબાદની દસના જેલમાં છે. સીબીઆઈએ છેલ્લી સુનાવણી દરમિયાન દલીલ કરી હતી કે જો જામીન મળશે તો નુપુર સાક્ષીઓ ઉપર વર્ચસ્વ જમાવવા પ્રયાસ કરી શકે છે. સીબીઆઈએ જામીનનો વિરોધ કર્યો હતો. ગાઝિયાબાદમાં સીબીઆઈ ટ્રાયલ કોર્ટે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૦૨/૩૪, ૨૦૧ હેઠળ તલવાર સામે આરોપો મૂક્યા હતાં. આ આરોપો ઉપરાંત કોર્ટે ૨૦૩ હેઠળ પણ આરોપો મૂક્યા હતાં. ઉપરાંત કોર્ટે અન્ય મામલાઓમાં પણ ઉંડી તપાસ ચલાવી હતી. ૧૪ વર્ષીય આરૂષિ ૧૬ મે ૨૦૦૮નાં દિવસે તેનાં માતા-પિતાનાં નોઈડા નિવાસ સ્થાને મૃત હાલતમાં મળી આવી હતી. તેનાં નોકર હેમરાજનો મૃતદેહ આગલા દિવસે મકાનની છત પરથી મળી આવ્યો હતો.

# આત્મહત્યાના પ્રયાસને ગુના તરીકે ગણવામાં આવશે નહીં

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકાર હવે નવું મેન્ટલ હેલ્થકેર બિલ ૨૦૧૨ લાવવાની તૈયારીમાં છે. સંસદના શિયાળુ સત્રમાં આ બિલ રજૂ કરવામાં આવશે. આ બિલમાં કેટલીક મહત્વપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે. આના ભાગરૂપે આત્મહત્યાના પ્રયાસને હવે ગુના તરીકે ગણવામાં આવશે નહીં. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા આત્મહત્યાના પ્રયાસના કૃત્યને ગુના તરીકે ગણશે નહીં. હાલમાં આત્મહત્યાના પ્રયાસને ઈન્ડિયન પિનલ કોડની કલમ ૩૦૯ હેઠળ ગુનો ગણવામાં આવે છે અને આના હેઠળ એક વર્ષ સુધીની જેલની સજા અને દંડ કરવામાં આવે છે. નવા બિલને લઈને આરોગ્ય મંત્રાલય દ્વારા અંતિમ ગણતરી કરવામાં આવી રહી છે. સાથે સાથે તેની રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. નવી જોગવાઈના ભાગરૂપે આત્મહત્યાનો પ્રયાસ કરી ચૂકેલી વ્યક્તિ સામે કોઈપણ પ્રકારની ફરિયાદ, તપાસ અથવા પોસીક્યુશન હાથ ધરવામાં આવશે નહીં. આઈપીસીમાં હાલ જોગવાઈ હોવા છતાં નવી જોગવાઈઓ અમલી બનશે. ગયા વર્ષે માર્ચ મહિનામાં સુપ્રીમ કોર્ટે તારણ આપતા કહ્યું હતું કે આત્મહત્યાના પ્રયાસને ગુનો ન ગણવાનો સમય આવી ગયો છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે ગયા સપ્ટેમ્બરમાં આ સંબંધમાં કાયદામાં સુધારો કરવા સરકારની યોજના હોવાની વાત કરી હતી. બિલમાં જણાવવામાં આવ્યું છે કે આત્મહત્યાનો પ્રયાસ કરનાર કોઈપણ વ્યક્તિમાં પહેલાં સાઈકોલોજિસ્ટ દ્વારા ચકાસણી થશે. ત્યારબાદ કોઈ ફોજદારી તપાસ હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે કલમ ૩૦૯ને દૂર કરવાની વાત કરી હતી.

# એડવાન્સ ટેક્સ વસૂલાત ૧૦ ટકા સુધી વધી ગઈ

મુંબઈ,તા. ૧૭


એડવાન્સ ટેક્સ વસૂલાતમાં ઉલ્લેખનીય રીતે ૧૦ ટકાનો વધારો થયો છે. બીજા ત્રિમાસિક ગાળા દરમિયાન નાણાંકીય મૂડીમાં ૧૦૦ કંપનીઓની એકંદરે એડવાન્સ ટેક્સ વસૂલાત સુધરતાં ગુલાબી ચિત્ર ઉપસી રહ્યું છે.

એસબીઆઈ, એલઆઈસી, એચડીએફસી બેંક જેવી ટોચની કંપનીઓ દ્વારા એડવાન્સ ટેક્સનાં મામલે ખૂબ જ યોગ્ય વલણ અપનાવ્યું છે. આ તમામ કોર્પોરેટ કંપનીઓએ એડવાન્સ ટેક્સની ચુકવણી ઉલ્લેખનીય રીતે કરી છે. ટોચની ૧૦૦ કોર્પોરેટ કંપનીઓમાં એકંદરે ગ્રોથ રેટ વધ્યો છે. ઈન્કમટેક્સ વિભાગ દ્વારા આજે જારી કરવામાં આવેલાં આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, સ્ટેટ બેંકની એડવાન્સ ટેક્સની ચૂકવણીમાં ૧૦.૩૦ ટકાનો વધારો થયો છે જેનાં કારણે એક વર્ષ અગાઉ એસબીઆઈએ ચૂકવેલા એડવાન્સ ટેક્સ ૧૬૫૦ કરોડથી વધીને એડવાન્સ ટેક્સની ચૂકવણી વધીને ૧૮૨૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. આવીજ રીતે આઈસીઆઈસીઆઈ બેંકે ૮૧૫ કરોડ રૂપિયા એડવાન્સ ટેક્સ રૂપે ચૂકવ્યા છે. એક વર્ષ અગાઉ આ આંકડો ૬૫૦ કરોડ રૂપિયાનો હતો. આવી રીતે બેંક ઓફ બરોડાએ ૬૦૦ કરોડની સામે ૬૨૦ કરોડ રૂપિયા ચૂકવ્યા છે.

# વોર્મઅપ મેચ : પાકિસ્તાનની ભારત પર પાંચ વિકેટે જીત

કોલંબો,તા. ૧૭

આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપની શરૂઆત થાય તે પહેલાં જ ધોનીનાં નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાને આજે મોટો ફટકો પડ્યો હતો કારણ કે વોર્મઅપ મેચમાં ભારતની પાકિસ્તાન સામે પાંચ વિકેટે હાર થઈ હતી. પ્રથમ બેટિંગ કરતાં ભારતે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૧૮૫ રનનો જંગી જુમલો ખડક્યો હતો પરંતુ પાકિસ્તાને આ રન પાંચ



બોલ બાકી હતાં ત્યારે જ બનાવી લઈને આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં ભાગ લઈ રહેલી ટીમોને ચેતવણી આપી દીધી છે. પાકિસ્તાન તરફથી કામરાન અકમલે ઝંઝાવાતી ઈનિંગ્સ રમીને પાંચ ચોગ્ગા અને છ છગ્ગાની મદદથી ૫૦ બોલમાં અણનમ ૯૨ રન બનાવ્યા હતાં જ્યારે શોએબ મલિક ૧૮ બોલમાં ૩૭ રન બનાવી નોટઆઉટ રહ્યો હતો. ભારતે ટોસ જીતીનો પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારત તરફથી નિરાશાજનક શરૂઆત થઈ હતી. પ્રથમ વિકેટ ૪૧ રને પડી હતી. ગંભીર ૧૦ રન બનાવી આઉટ થયો હતો. ત્યારબાદ સેહવાગ પણ ૨૬ રન બનાવી આઉટ થઈ ગયો હતો પરંતુ ત્યારબાદ શાનદાર ફોર્મમાં રહેલા વિરાટ કોહલીએ સાત ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૪૭ બોલમાં અણનમ ૭૫ રન ફટકાર્યા હતાં જ્યારે રોહિત શર્માએ પણ ૪૦ બોલમાં છ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી તોફાની ૫૬ રન બનાવ્યા હતાં. ભારતે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૮૫ રન બનાવ્યા હતાં. પાકિસ્તાન તરફથી કોઈપણ બોલર અસરકારક રહ્યો નહતો. જીતવા માટેનાં ૧૮૬ રનનાં વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતાં પાકિસ્તાને પણ શરૂઆત નબળી કરી હતી અને બે વિકેટ ૩૩ રનમાં ગુમાવી દીધી હતી. કામરાને અકમલે એકલા હાથે પાકિસ્તાનને જીત અપાવી હતી. શોએબ મલિકે છેલ્લી ઘડીએ ૧૮ બોલમાં ૩૭ રન ફટકાર્યા હતાં.